*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

TOPIC 26

## ગુજરાતમાં તીડનો હૂમલો



ચર્ચામાં શા માટે ?

સરકારના પ્રયત્નો :-

તીડ વિશે :-


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


TOPIC-26નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો


અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110




- ઉત્તર ગુજરાત અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં તીડના ટોળાઓએ હૂમલો કરતાં ખેતીને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે.
- ગુજરાતમાં આ તીડના ટોળાનો પ્રશ્ન છેલ્લાં 10-12 દિવસથી અત્યંત વધ્યો છે અને મુખ્યત્વે બનાસકાંઠા અને તેની આસપાસના વિસ્તારોને મોટા પ્રમાણમાં અસર કરી છે.

## સરકારના પ્રયત્નો :-

- તીડને ભગાડવા માટે સ્થાનિક ઉપાય તરીકે લોકો ઢોલ-નગારા, થાળી કે અન્ય કોઈ સાધનો દ્વારા અવાજ કરે છે તથા કેરોસીન છાંટે છે.
- ગુજરાત રાજ્ય સરકાર દ્વારા તીડ નિયંત્રણની ઘણી ટીમ આ વિસ્તારોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરી રહી છે. ઉપરાંત કેન્દ્રમાંથી પણ તીડ નિયંત્રણ ટીમ ખેડૂતોની મદદે આવી છે.
- ટ્રેક્ટર ઉપર રહેલાં મોટા ફૂવારાઓ દ્વારા તથા નળી દ્વારા પણ જંતુનાશક દવાઓનો છંટકાવ કરાય રહ્યો છે.
- તીડના આ હૂમલાની ચેતવણી સંયુક્ત રાષ્ટ્રની ખાદ્ય અને કૃષિ સંસ્થા (UNFAO - United Nations - Food and Agriculture Organization) દ્વારા આપવામાં આવી હતી.
- FAO દ્વારા 'રણપ્રદેશી તીડ માહિતી સેવા' (Desert Locust Information Service- DLIS) નામની સંસ્થા ચલાવવામાં આવી રહી છે. આ સંસ્થાનું વડું મથક ઈટલીના રોમ શહેરમાં આવેલું છે. આ સંસ્થા સમગ્ર વિશ્વમાં તીડની દેખરેખનું કાર્ય કરે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારત સરકારે વર્ષ 1939માં તીડ ચેતવણી સંસ્થા (Locust Warning Organization-LWO) ની સ્થાપના કરી હતી. આ સંસ્થા ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR) હેઠળ કાર્ય કરે છે.
- આ સંસ્થાનું વડું મથક રાજસ્થાનના જોધપુરમાં આવેલું છે. આ સંસ્થા ગુજરાત, રાજસ્થાન અને હરિયાણાના 2 લાખ સ્કવેર કિલોમીટર જેટલાં વિસ્તારોની દેખરેખ રાખે છે.
- ભારતની 'તીડ ચેતવણી સંસ્થા' દ્વારા તીડના હૂમલા અને તેના માર્ગની આગાહી કરવામાં આવી હતી.

## તીડ વિશે :-

- તીડ વિભાગની એક માહિતી મુજબ તીડનો એક નાનો સમૂહ એક દિવસમાં 10 હાથી કે 25 ઊંટ અથવા 2500 લોકો જેટલો ખોરાક ગ્રહણ કરી શકે છે.
- તીડ ચેતવણી સંસ્થા દ્વારા કહેવામાં આવ્યું છે કે, તીડની સંખ્યા 'ઈકોનોમિક થ્રેશોલ્ડ લેવલ' (ETL) કરતાં વધે તો તેના નિયંત્રણ માટે પગલાં લેવા પડે છે. ભારતમાં આ લેવલ પ્રતિ હેક્ટર 10,000 પુખ્ત તીડનું રાખવામાં આવ્યું છે.
- ભારતમાં મે થી નવેમ્બર મહિના દરમિયાન તીડનો ઉપદ્રવ ખૂબ વધુ હોય છે. તે ચોમાસાના જૂન અને જુલાઈ મહિનાઓ દરમિયાન સૌથી વધુ સક્રિય રહે છે.
- ખેતી વિભાગના અધિકારીઓ મુજબ, તીડનો હૂમલો એ એક કુદરતી આફત છે જે દર વર્ષે અલગ-અલગ તીવ્રતામાં થતો હોય છે. તીડના સમૂહો સવાર અને સાંજના સમયે નિષ્ક્રિય રહે છે.
- ગુજરાતમાં આવેલ તીડના સમૂહ પવનની દિશા સાથે રાજસ્થાન અને પાકિસ્તાનમાંથી પ્રવેશ્યા છે. સૂકાં વિસ્તારોમાં જોવા મળતા તીડનો મૂળ ઉદ્‌ભવ અરબી દ્વીપકલ્પ અને ઉત્તર-પૂર્વી આફ્રિકામાંથી થાય છે.
- તીડના સમૂહ એક દિવસમાં 150 કિ.મી. જેટલું અંતર કાપી શકે છે અને ત્રણ મહિનામાં પોતાની વસતી 20 ગણી કરવાની ક્ષમતા ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT